# આત્મધર્મ

માસિક : વર્ષ-૩ * અંક-૯ * મે, ૨૦૦૯



જગતનો કોઈ પદાર્થ વચ્ચે આવીને જીવની ક્રમબદ્ધપર્યાયને ફેરવી નાંખે એમ ત્રણકાળમાં બનતું નથી; જીવ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતો થકો જીવ જ છે; એ જ પ્રમાણે અજીવ પણ તેની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતું થકું અજીવ જ છે. જે જીવ આવો નિર્ણય અને ભેદજ્ઞાન નથી કરતો તે જીવ અજ્ઞાનપણે ભ્રાંતિમાં ભ્રમણ કરી રહ્યો છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે કેટલાય રાજા ભ્રૂકુટિની વક્રતાથી જ શત્રુઓને જીતી લે છે તેમના પણ વક્ષસ્થળમાં જેણે દ્રઢતાથી બાણનો આઘાત કર્યો છે એવા તે પરાક્રમી કામદેવરૂપ સુભટને જે શાંત મુનિઓએ શસ્ત્ર વિના જ સહેલાઈથી જીતી લીધો છે તે મુનિઓને નમસ્કાર હો. ૧૦૯૮. *(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, બ્રહ્મચર્ય રક્ષાવર્તિ, શ્લોક-૧)*

● પ્રશ્ન :—સ્વ અને પરને છેતરનાર કોણ છે?

ઉત્તર :—માયા—છલકપટ (તે આત્મવંચિકા છે). ૧૦૯૯.

*(અપરા પ્રશ્નોત્તર રત્ન માલિકા, ગાથા-૧૧)*

● જેમ ખાજના રોગથી પીડિત થયેલો પુરુષ આસક્ત બની ખજવાળવા લાગે છે, પીડા ન થતી હોય તો તે શા માટે ખજવાળે? તેમ ઈન્દ્રિયરોગથી પીડિત થયેલા ઈન્દ્રાદિક દેવો આસક્ત બની વિષયસેવન કરે છે, પીડા ન હોય તો તેઓ શા માટે વિષયસેવન કરે? ૧૧૦૦. *(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ-૩, પાનું-૫૧)*

● સત્પુરુષોંકી સંગતિસે ઉત્પન્ન હુઆ મનુષ્યોંકા વિવેક મિથ્યાત્વાદિ પર્વતોંકે ઊંચે શિખરોંકો ખંડ-ખંડ કરનેકે લિયે વજ્રસે અધિક અજેય હૈ. ૧૧૦૧.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૨૪)*

● તિર્યંચગતિમાં જીવે હણાવું, બંધાવું વગેરે ઘણાં દુઃખો સહન કર્યાં. (તે) કરોડો જીભથી કહી શકાતા નથી. અને ઘણાં માઠાં પરિણામોથી મરણ પામીને ભયાનક નરકરૂપી સમુદ્રમાં જઈ પડ્યો. ૧૧૦૨. *(પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૧, શ્લોક-૮)*

● નિશ્ચયથી નિત્ય રહેવાવાળું દ્રવ્ય, કોઈ અનિત્ય પર્યાયથી જુદું છે? અને ક્ષણ ક્ષણમાં નષ્ટ થવાવાળી કઈ પર્યાય, નિત્ય દ્રવ્યથી જુદી છે? આ જગતમાં નિત્ય રહેવાવાળું દ્રવ્ય, ક્ષણ ક્ષણમાં નષ્ટ થવાવાળા પર્યાયરૂપ સ્વ-અંશ વિના હોતું નથી અને ક્ષણ ક્ષણમાં નષ્ટ થવાવાળો અંશ, દ્રવ્ય વિના હોતો નથી. ૧૧૦૩.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, લઘુતત્ત્વસ્ફોટ, સ્તુતિ-૧૮, શ્લોક-૮)*

વર્ષ-૩
અંક-૯




સંવત
૨૦૬૫
May
A.D. 2009

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

### પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતી માતા
### પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની
### સાંવત્સરિક સમાધિતિથિ નિમિત્તે

## વૈરાગ્ય–પ્રેરક–વચનામૃત

● ક્યાંય રોકાઈશ નહીં. વિકલ્પની કાંઈ પણ ખટક રહ્યા કરશે ત્યાં સુધી અંદર નહીં જઈ શકે. હમણાં યુવાની છે માટે રળી લઈએ—એ રહેવા દે બાપુ! મોત માથે નગારા વગાડે છે. પછી કરીશ, પછી કરીશ એમ રહેવા દે. અંદરમાં કાંઈ પણ વિકલ્પ રહેશે કે આ કરું....આ કરું....એમ વાયદા કરીશ તો અંદર જઈ શકીશ નહીં.

—દૃષ્ટિનાં નિધાન

● "મનુષ્યપણું, આપ્ત ઉપદિષ્ટીત શ્રુતધર્મનું શ્રવણ, તે પ્રત્યે શ્રદ્ધા અને અંતમાં સંયમને વિષે બળ—પરાક્રમનું ખર્ચવું એ ઉત્તરોત્તર અતિ અતિ દુર્લભ છે એમ જાણી ઉપરોક્ત ચાર પરમ મંગલમાંથી મળેલ મનુષ્યપણાને બાકીના ત્રણ પરમ મંગલથી અલંકૃત કરો, શોભાવો!" રાજપદ તો શું પણ તેથીયે ઉત્કૃષ્ટ અનુપમ લક્ષ્મીના હેતુભૂત ધર્મને પ્રાપ્ત કરવાની આ દુર્લભ મોસમમાં કુસકા (વિનાશી વિભૂતિ) લેવા ભણી દોડી વ્યર્થ કાળ વ્યય કરવો એ સુબુદ્ધિમાનને યોગ્ય નથી. રાજ્યાદિ વિનાશી ચપળ વિભૂતિ તો ધર્મ માર્ગે પ્રયાણ કરતાં વચ્ચે વચ્ચે સહેજે આવી મળશે. એ તરફની અતિ ઘેલી આતુરતા છોડો.

—શ્રી આત્માનુશાસન

● સર્વ ક્ષેત્ર કે સર્વકાળમાં કોઈ પણ પ્રકાર વડે જીવ કાળથી બચતો નથી કે બચશે પણ નહિ. સર્વ શરીરધારી પ્રાણીઓ એ પ્રચંડ કાળને વશ વર્તી રહ્યા છે એ

પ્રત્યક્ષ જોઈને હે જીવ! પ્રતિ પળે વિનાશ સન્મુખ જતાં શરીરને રાખવાની ચિંતા છોડી એક નિજ આત્માને જ રાગ-દ્વેષાદિ દુષ્ટપરિણામોથી હણાતો બચાવ, બચાવ! વિનાશી પદાર્થને રાખવાની માથાકૂટ છોડી એ અવિનાશી નિજ આત્મપદનું રક્ષણ કર, રક્ષણ કર! અને દેહનાશની ચિંતાથી નિશ્ચિંત થા, કારણ કે એ નિજપદ નથી પણ પર પદ છે.

—શ્રી આત્માનુશાસન

● સંસારમેં સર્વત્ર ઉત્પન્ન હુએ જીવોંકો ઉનકે દ્વારા પૂર્વભવમેં કિયા ગયા પુણ્ય-પાપ હી સુખ અથવા દુઃખ દેતા હૈ, ઈસે રોકના શક્ય નહીં હૈ. પ્રાણીયોંકો ઉનકા ભાગ્ય દ્વીપમેં, સમુદ્રમેં, પર્વતકે શિખર પર, દિશાઓંકે અંતમેં ઔર કૂપમેં ભી ગિરે હુએ રત્નકો મિલા દેતા હૈ. ઈસ સંસારમેં પુણ્યશાલી જીવોંકી વિપદા ભી સંપદા બન જાતી હૈ ઔર પાપકર્મકે ઉદયમેં સંપદા ભી વિપદા બન જાતી હૈ.

—શ્રી સુભાષિતરત્નસંદોહ

● યહ જીવન તો બિજલીકે ચમત્કારકે સમાન ક્ષણભંગુર હૈ ઔર સ્ત્રી, પુત્ર, કુટુંબાદિકા સંયોગ સ્વપ્નકે સમાન હૈ, પ્રાણીયોંકે સાથ સ્નેહ સંધ્યાકી લાલીકે સમાન હૈં, તિનકે પર પડી હુઈ ઓસકી બિન્દુકે સમાન શરીર પતનશીલ હૈ.

—શ્રી સારસમુચ્ચય

● દૈવ ઔર મૃત્યુ દોનોંકા હી નિરાકરણ નહીં હો સકતા તબ રક્ષણ યા શરણકે લિયે કિસીકા ભી અનુસરણ કરના યા કિસીકે સામને દીનતા પ્રકાશિત કરના વ્યર્થ હી હૈ. ક્યોંકી ન તો કોઈ મેરે ભાગ્યમેં પરિવર્તન કર સકતા હૈ ઔર ન મેરી મૃત્યુકો હી રોક સકતા હૈ. યે દોનોં કાર્ય અવશ્યમભાવી હૈં, અત—એવ ઈનકે લિયે ધૈર્યકા અવલંબન લેના હી સત્પુરુષોંકો ઉચિત હૈ.

—શ્રી અનાગારધર્મામૃત

● (સંસારસે વૈરાગ્ય હોને પર ચક્રવર્તી સોચતા હૈ કિ) યહ ચક્રવર્તીકા સામ્રાજ્ય કુમ્હારકી જીવનીકે સમાન હૈ ક્યોંકી જિસ પ્રકાર કુમ્હાર અપના ચક્ર (ચાક) ઘુમાકર મિટ્ટીસે બને હુએ ઘડે આદિ વર્તનોંસે અપની આજીવિકા ચલાતા હૈ, ઉસી પ્રકાર ચક્રવર્તી ભી અપના ચાક(ચક્રરત્ન) ઘુમાકર મિટ્ટીસે ઉત્પન્ન હુએ રત્ન યા કર આદિસે અપની આજીવિકા ચલાતા હૈ—ભોગોપભોગકી સામગ્રી જુટાતા હૈ. ઈસલિયે ઈસ ચક્રવર્તીકે સામ્રાજ્યકો ધિક્કાર હૈ.

—શ્રી આદિપુરાણ

● શ્રુતિ (આગમ), બુદ્ધિ, બલ, વીર્ય, પ્રેમ, સુંદરતા, આયુ, શરીર, કુટુંબીજન, પુત્ર, સ્ત્રી, ભાઈ ઔર પિતા આદિ સબ હી ચાલનીમેં સ્થિત પાનીકે સમાન સ્થિર નહીં

હૈં—દેખતે દેખતે હી નષ્ટ હોનેવાલે હૈ. ઇસ બાતકો પ્રાણી દેખતા હૈ તો ભી ખેદકી બાત હૈ કિ વહ મોહવશ આત્મકલ્યાણકો નહીં કરતા હૈ. —શ્રી સુભાષિતરત્નસંદોહ

● જે જીવને જે કાળમાં જે વિધાનથી જન્મ-મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્ર આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જે પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં તે જ વિધાનથી નિયમથી થાય છે તેને ઇન્દ્ર કે જિનેન્દ્ર કોઈ પણ અટકાવી શકતા નથી. —શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા

● મનુષ્ય પ્રાણીની દુર્લભતા અને ઉત્તમતાને લઈને વિધિરૂપ મંત્રીએ તેની અનેક પ્રકારે રક્ષા કરી. દુષ્ટ પરિણામી નર્કના જીવોને અધોભાગમાં રાખ્યા, લોકની ચારે તરફ અનેક મહાન અલંઘ્ય સમુદ્ર તથા તેની ચારે તરફ ઘનોદધિ, ઘન અને તનુ એ નામના ત્રણ પવનથી વીંટી વિસ્તીર્ણ કોટ કરી રાખ્યો અને વચ્ચે જતનથી મનુષ્ય પ્રાણીને રાખ્યા. આટલા વિધિના પૂર્ણ જાપ્તા છતાં પણ મનુષ્ય—પ્રાણી મરણથી ન બચ્યા. અહો! યમરાજ અત્યંત અલંઘ્ય છે. —શ્રી આત્માનુશાસન

● હે જીવ! હું અકિંચન છું અર્થાત્ મારું કાંઈ પણ નથી એવી સમ્યક્ ભાવનાપૂર્વક તું નિરંતર રહે કારણ કે એ જ ભાવનાના સતત ચિંતવનથી તું ત્રૈલોક્યનો સ્વામી થઈશ. આ વાંત યોગીશ્વરો જ જાણે છે. એ યોગીશ્વરોને ગમ્ય એવું પરમાત્મતત્ત્વનું રહસ્ય મેં તને સંક્ષેપમાં કહ્યું. —શ્રી આત્માનુશાસન

● માતાના ગર્ભમાં રહેવાથી જે દુઃખ થાય છે તે નરકની માફક અતિશય તીવ્ર હોય છે તથા કુંભીપાક સમાન હોય છે (ઘડાની માફક શરીરને અગ્નિમાં નાંખે છે). નરકમાં નારકી જીવ અન્ય નારકીને ખૂબ રીબાવી રીબાવીને બાળે છે તેવું દુઃખ ગર્ભમાં જીવને થાય છે. વળી ગર્ભાશય રુધિરથી અતિશય ઘૃણાસ્પદ હોય છે. એવા ગર્ભમાં મારે રહેવું પડશે એવો ભય મનમાં ઉત્પન્ન થવાથી, તેનાથી દૂર રહેવા માટે મુનિરાજ હંમેશા જિનવાણીના ચિંતનમાં તત્પર થાય છે. —શ્રી મૂલાચાર

● તાડના વૃક્ષથી તૂટેલું ફળ નીચે પૃથ્વી ઉપર પડવા માંડ્યા પછી વચ્ચે ક્યાં સુધી રહે? તેમ જન્મ થયા પછીનું જીવન આયુસ્થિતિમાં ક્યાં સુધી રહે? બહુ જ અલ્પકાળ અને તે પણ અનિયત. તેથી હે ભવ્ય! આ દેહાદિને આમ ક્ષણભંગુર જાણીને વાસ્તવિક અવિનાશી પદનું સાધન બીજા બધાં કાર્યોને જતાં કરીને પણ ત્વરાએ કરી લેવું એ જ સુયોગ્ય છે, કારણ જીવન—સમય બહુ સાંકડો છે. —શ્રી આત્માનુશાસન

● આત્મા ગમે તેવા સંયોગોમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવામાં સમર્થ નથી. ગમે તેવા આકરાં પ્રસંગો આવી પડે, દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો આકરો રોગ થઈ ગયો હોય, ક્ષુધા-તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરાં પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટિ જીભથી કોટિ વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહીં એવી આકરી નરકની પીડા છે છતાં ત્યાં સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દે તો આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. ભાઈ! તારું તત્ત્વ હાજરા-હજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિ પ્રગટ કરી શકાય છે.

—દૃષ્ટિનાં નિધાન

● હે ભવ્ય! યદિ તુજે અપના અપકાર કરનેવાલેકે ઉપર ક્રોધ આતા હૈ તો તૂ ઈસ ક્રોધકે ઉપર હી ક્રોધ ક્યોં નહીં કરતા? કારણ કિ વહ તો તેરા સબસે અધિક અપકાર કરનેવાલા હૈ. વહ તેરે ધર્મ, અર્થ ઔર કામરૂપ ત્રિવર્ગકો, મોક્ષ પુરુષાર્થકો ઔર યહાં તક કિ તેરે જીવિતકો ભી નષ્ટ કરનેવાલા હૈ. ફિર ભલા ઈસસે અધિક અપકારી ઔર દૂસરા કૌન હો સકતા હૈ? કોઈ નહીં. —શ્રી સુભાષિતરત્નસંદોહ

● જે શરીર દુષ્ટ આચરણથી ઉપાર્જિત કર્મરૂપી કારીગર દ્વારા રચવામાં આવ્યું છે, જેના સાંધા અને બંધનો નિંદ્ય છે, જેની સ્થિતિ વિનાશ સહિત છે અર્થાત્ જે વિનશ્વર છે, જે રોગાદિ દોષો, સાત ધાતુઓ અને મળથી પરિપૂર્ણ છે અને જે નષ્ટ થવાનું છે, તેની સાથે જો આધિ (માનસિક ચિંતા), રોગ, વૃદ્ધાવસ્થા અને મરણ આદિ રહેતા હોય તો એમાં કોઈ આશ્ચર્ય નથી. પરંતુ આશ્ચર્ય તો કેવળ એમાં છે કે વિદ્વાન મનુષ્ય પણ તે શરીરમાં સ્થિરતા શોધે છે. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ

● જિસ ઘરમેં પ્રભાતકે સમય આનંદોત્સાહકે સાથ સુંદર સુંદર માંગલિક ગીત ગાયે જાતે હૈં, મધ્યાહ્નકે સમય ઉસી હી ઘરમેં દુઃખકે સાથ રોના સુના જાતા હૈ. પ્રભાતકે સમય જિસકે રાજ્યાભિષેકકી શોભા દેખી જાતી હૈ ઉસી દિન ઉસ રાજાકી ચિતાકા ધૂઆ દેખનેમેં આતા હૈ. યહ સંસારકી વિચિત્રતા હૈ. —શ્રી જ્ઞાનાર્ણવ

● જેના રાગે જીવ અનાદિકાળથી સંસારી બની અનંત દુઃખને અનુભવી રહ્યો છે

તથા જેના આત્યંતિક ક્ષયથી અનંત સંસારદુઃખોથી મુક્ત થવાય છે એવો કોઈ મુખ્ય પદાર્થ હોય તો માત્ર શરીર જ છે, તો હવે એ શરીરને એક વખત એવું છોડવું જોઈએ કે જેથી ફરીને ઉત્પન્ન જ થાય નહિ. બાકી બીજી નાની નાની નહિ જેવી ક્ષુદ્ર વાતો તરફ એકાંત ધ્યાન આપવાથી શું સિદ્ધિ છે? —શ્રી આત્માનુશાસન

● કેટલાય મનુષ્યો સદા મહાન શાસ્ત્રસમૂહમાં પરિભ્રમણ કરતાં છતાં પણ, અર્થાત્ અનેક શાસ્ત્રોનું પરિશીલન કરતાં હોવા છતાં તે ઉત્કૃષ્ટ આત્મતત્ત્વને લાકડામાં શક્તિરૂપે વિદ્યમાન અગ્નિ સમાન જાણતા નથી. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ

● જો કોઈ જીવ અપશબ્દોનો પ્રયોગ કરે છે તો વિવેકી સાધુ એમ વિચારે છે કે આ મનુષ્યે મને ક્રોધથી માત્ર ગાળ જ આપી છે, મારેલ તો નથી. જો તે મારવા લાગી જાય તો તે સાધુ આમ વિચારે છે કે તેણે મને માર્યો જ છે, પ્રાણોનો નાશ તો નથી કર્યો. પરંતુ જો તે પ્રાણોનો નાશ કરવામાં ઉદ્યત થઈ જાય તો તેઓ એમ વિચારે છે કે આણે ક્રોધને વશીભૂત થઈને માત્ર મારા પ્રાણોનો નાશ કર્યો છે પરંતુ મારા પ્રિય ધર્મનો નાશ નથી કર્યો; માટે મારે આ બિચારા અજ્ઞાની પ્રાણી ઉપર ક્રોધ કરવો ઉચિત નથી, કારણ કે ક્રોધ ધર્મનો નાશ કરે છે અને પાપનો સંચય કરે છે એમ સમજી બુદ્ધિમાન સાધુ ક્ષમા જ કરે છે. —શ્રી સુભાષિતરત્નસંદોહ

● સમસ્ત લોકનો સાર નિઃસાર છે એમ સમજીને તથા સંસાર અનંત અપાર છે એમ જાણીને, લોકના અગ્ર શિખર ઉપર નિવાસ કરવો એ જ સુખકર અને નિરુપદ્રવ છે તેમ પ્રમાદ છોડીને ચિંતન કરો અર્થાત્ મોક્ષસ્થાન જ આ લોકમાં સાર તથા પૂર્ણ નિરુપમ સુખનું સ્થાન છે એમ સમજીને તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

—શ્રી મૂલાચાર, લોકાનુપ્રેક્ષા

● તુમ્હારે સિયાનેપનકો ધિક્કાર હૈ ક્યોંકિ તુમને અત્યંત અસાવધાન રહકર સારહીન જીવન વ્યતીત કર દિયા. અબ ભી સાવધાન હો જાઓ, અન્યથા મૃત્યુકા સમય આ રહા હૈ. —શ્રી બુધજન સતસઈ

● અનાદિકાલસે ઈસ સંસારમેં ભ્રમણ કરતે હુએ ઈસ જીવકે અપને કર્મવશ કૌન બાંધવ નહીં હુએ ઔર કૌન શત્રુ નહીં હોંગે ? અર્થાત્ અપને અપને કર્મવશ સભી જીવ એક દૂસરેકે મિત્ર ઔર શત્રુ હુએ હૈં ઔર હોંગે. ફિર ભી ન જાને ક્યોં યહ મનુષ્ય નવીન કુટુંબકે મોહમેં પડકર આપત્તિમેં પડતા હૈ ઔર જૈનધર્મકો છોડકર સદા અપને હિતસે ભ્રષ્ટ હોતા હૈ, આત્મહિતમેં નહીં લગતા. —શ્રી સુભાષિતરત્નસંદોહ

● હે જીવ! જે પાપનો ઉદય જીવોને દુઃખ આપીને, શીઘ્ર મોક્ષ જવાને યોગ્ય ઉપાયોમાં બુદ્ધિ કરાવે છે તો તે પાપનો ઉદય પણ ભલો છે એમ જ્ઞાનીઓ કહે છે.

— શ્રી પરમાત્મપ્રકાશ

● જો કોઈ મેરા અનેક પ્રકારકે વધબંધનાદિ પ્રયોગોંસે ઈલાજ નહીં કરેં તો મેરે પૂર્વ જન્મોં કે સંચિત કિયે અસાતા-કર્મરૂપી રોગકા નાશ કૈસે હો? ભાવાર્થ—મુજે વધબંધનાદિકસે પીડિત કરતા હૈ વહ મેરે પૂર્વોપાર્જિત કર્મરૂપી રોગોંકો નષ્ટ કરનેવાલા વૈદ્ય હૈ, ઉસકા તો ઉપકાર માનના યોગ્ય હૈ, કિન્તુ ઉસસે ક્રોધ કરના કૃતઘ્નતા હૈ.

—શ્રી જ્ઞાનાર્ણવ

● જિસ કારણસે પૂર્વ સંચિત કર્મોંકા ક્ષય હો જાવે વ નવીન કર્મોંકા સંચય ન હો વહ કામ મોક્ષસુખકે અભિલાષી આત્મજ્ઞાનીકો કરનાયોગ્ય હૈ. —શ્રી સારસમુચ્ચય

● મારી નિકટમાં પ્રાપ્ત થયેલ કોઈ પણ મિત્ર અથવા અન્ય કોઈનું મારે પ્રયોજન નથી, મને આ શરીરમાં પણ પ્રેમ રહ્યો નથી, અત્યારે હું એકલો જ સુખી છું. અહીં સંસારપરિભ્રમણમાં ચિરકાળથી જે મને સંયોગના નિમિત્તે કષ્ટ થયું છે તેનાથી હું વિરક્ત થયો છું, તેથી હવે મને એકાકીપણું (અદ્વૈત) અત્યંત રુચે છે.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

● મારા વડે જે રૂપ—શરીરાદિ પદાર્થ દેખાય છે તે—અચેતન પદાર્થ સર્વથા કોઈને જાણતો નથી અને જે જાણવાવાળો ચૈતન્યરૂપ આત્મા છે તે દેખાતો નથી તો હું કોની સાથે બોલું—વાતચિત કરું?

—શ્રી સમાધિતંત્ર

● હે આત્મહિતૈષી પ્રાણી! પુણ્યના ફળોમાં હર્ષ ન કર અને પાપના ફળોમાં દ્વેષ ન કર. (કારણ કે આ પુણ્ય અને પાપ) પુદ્‌ગલના પર્યાય છે, ઉત્પન્ન થઈને નાશ પામી જાય છે અને ફરીને ઉત્પન્ન થાય છે. પોતાના અંતરમાં નિશ્ચયથી—ખરેખર લાખો વાતોનો સાર—આ જ પ્રમાણે ગ્રહણ કરો કે પુણ્ય-પાપરૂપ બધાય જન્મ-મરણના દ્વન્દ્વરૂપ (રાગ-દ્વેષ) વિકારી મલિનભાવો તોડી હંમેશા પોતાના આત્માનું ધ્યાન કરો. —છઢાળા

● જો દુર્જન મનુષ્ય મારા દોષો જાહેર કરીને સુખી થતો હોય તો થાવ, જો ધનનો અભિલાષી મનુષ્ય મારું સર્વસ્વ ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો બીજા કોઈ મારું સ્થાન લઈને સુખી થતાં હોય તો થાવ અને જે મધ્યસ્થ છે—રાગદ્વેષ રહિત છે—તે એવા જ મધ્યસ્થ બની રહે. અહીં, આખુંય જગત અતિશય સુખનો અનુભવ કરો.

મારા નિમિત્તે કોઈ પણ સંસારી પ્રાણીને કોઈ પણ પ્રકારે દુઃખ ન થાવ એમ હું ઊંચા સ્વરે કહું છું. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ

● હે મૂઢજીવ! તું અહીં અલ્પ દુઃખને પણ સહન કરી શકતો નથી તો વિચાર તો ખરો કે ચાર ગતિના ભયંકર દુઃખોના કારણભૂત કર્મોને તું શા માટે કરે છે?

—શ્રી પરમાત્મપ્રકાશ

●. સિંહ ચારે  કોર ફરતા હોય ને જેમ ઊંઘ ન આવે, હથિયારબંધ પોલીસ પોતાને મારવા ફરતી હોય ને જેમ ઊંઘ ન આવે, તેમ તત્ત્વનિર્ણય ન કરે ત્યાં સુધી એને (આત્માર્થીને) સુખેથી ઊંઘ પણ ન આવે. —દૃષ્ટિનાં નિધાન

● તે ભવ્યજીવને હું પ્રશંસુ છું—ધન્ય માનું છું કે જેને નરકાદિ દુઃખનું સ્મરણ કરતાં જ, હરિ—હરાદિકની ઋદ્ધિ સમૃદ્ધિ પ્રત્યે પણ ઉદાસભાવ ઊપજે છે.

—શ્રી ઉપદેશ સિદ્ધાંતરત્નમાલા

● જિનકી ભૌહકે કટાક્ષોંકે પ્રારંભમાત્રાસે બ્રહ્મલોક પર્યંતકા યહ જગત ભયભીત હો જાતા હૈ તથા જિનકે ચરણોંકે ગુરુભારકે કારણ પૃથ્વીકે દબને માત્રસે પર્વત તત્કાલ ખંડ ખંડ હો જાતે હૈં, ઐસે ઐસે સુભટોંકો ભી—જિનકી કિ અબ કહાનીમાત્ર હી સુનનેમેં આતી હૈં—ઈસ કાલને ખા લિયા હૈ. ફિર યહ હીનબુદ્ધિ જીવ અપને જીનેકી બડી ભારી આશા રખત હૈ, યહ કૈસી બડી ભૂલ હૈ! —શ્રી જ્ઞાનાર્ણવ

● જેમ કીડો વિષ્ટામાં રતિ માની રહ્યો છે, તેમ તું કામથી અંધ થઈ સ્ત્રીના ગંધાતા સડી રહેલા ક્લેવર વિષે રતિ માની રહ્યો છે, કારણ કામાંધ પુરુષને ભલા—બુરાનો વિવેક જ હોતો નથી. હે ભવ્ય! મહા અંધકારસમ એ કામાંધપણું છોડી હવે તો કાંઈક વિવેકી થા!

—શ્રી આત્માનુશાસન

● જે સંસારભયથી શ્રી તીર્થંકરાદિક ડર્યા તે સંસારભયથી જે રહિત છે તે મોટો સુભટ છે. —શ્રી મોક્ષમાર્ગપ્રકાશક

● પરાક્રમ હી હૈ અદ્વિતીય રસ જિસકે, ઐસા યહ મનુષ્ય તબ તક હી ઉદ્ધત દૌડતા કૂદતા હૈ જબ તક કિ કાલરૂપી સિંહકી ગર્જનાકા શબ્દ નહિ સુનતા. અર્થાત્ તેરી મૌત આ ગઈ ઐસા શબ્દ સુનતે હી સબ ખેલકૂદ ભૂલ જાતા હૈ. —શ્રી જ્ઞાનાર્ણવ

● મનુષ્ય સમુદ્રો, પર્વતો, દેશો અને નદીઓને ઓળંગી શકે છે પરંતુ મૃત્યુના

નિશ્ચિત સમયને દેવ પણ નિમેષમાત્ર (આંખના પલકારા બરાબર) જરાપણ ઓળંગી શકતો નથી. આ કારણે કોઈ પણ ઈષ્ટજનનું મૃત્યુ થતાં ક્યો બુદ્ધિમાન મનુષ્ય સુખદાયક કલ્યાણમાર્ગ છોડીને સર્વત્ર અપાર દુઃખ ઉત્પન્ન કરનાર શોક કરે? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન શોક કરતો નથી. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ

● અંધ પુરુષકા સ્વભાવ હી અંધ હોતા હૈ. ઉસે કુછ દિખતા હી નહીં હૈ. ઈસી તરહ જો મિથ્યાત્વકે ઉદયસે અંધા હૈ વહ હિત—અહિત, ધર્મ—અધર્મ પર દૃષ્ટિ ન દેતા હુઆ અજ્ઞાનસે કુઆચરણ કરકે ભોગોંમેં લિપ્ત હોકર દુઃખકા બીજ બોતા હૈ. અનંતાનંત દોષોંકા પાત્ર હોતા હૈ. સંસારમેં નરકગતિમેં જાતા હૈ યા નિગોદમેં દીર્ઘકાલ વિતાતા હૈ.

—શ્રી ઉપદેશ-શુદ્ધસાર

● આ ચિદાનંદ ચોરાશીલાખ યોનિના શરીરોની સુધારણા કર્યા કરે છે. જે ઘરમાં રહે તેને સુધારે. પછી વળી બીજી શરીર—ઝૂંપડીને સુધારે. વળી બીજી પામે તેને સુધારતો ફરે. બધા દેહ જડ, એ જડોની સેવા કરતાં કરતાં અનાદિકાળ વીત્યો, એ શરીરસેવાનો કર્મરોગ અનાદિથી લાગ્યો આવ્યો છે તેથી આ રોગ વડે પોતાનું અનંતબળ ક્ષીણપણાને પામ્યું તેથી મોટી વિપત્તિ—જન્માદિ ભોગવે છે.

—શ્રી અનુભવપ્રકાશ

● હે અજ્ઞાની મનુષ્ય! આ સમસ્ત જગત ઈન્દ્રજાળ સમાન વિનશ્વર અને કેળના થડ સમાન નિઃસાર છે આ વાત શું તું નથી જાણતો? શું શાસ્ત્રમાં સાંભળ્યું નથી? અને પ્રત્યક્ષ નથી દેખકો? અર્થાત્ તમે એને અવશ્ય જાણો છો, સાંભળો છો અને પ્રત્યક્ષપણે પણ દેખો છો તો પછી ભલા અહીં પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મરણ થતાં શોક કેમ કરો છો ? અર્થાત્ શોક છોડીને એવો કાંઈક પ્રયત્ન કરો કે જેથી શાશ્વત ઉત્તમ સુખના સ્થાનભૂત મોક્ષને પામી શકો. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ

● જિન તીર્થંકરોંકે ચરણોંકો ઈન્દ્ર ચક્રવર્તી આદિ લોકશિરોમણિ પુરુષ અપની કાંતિરૂપ જલસે ધોતે હૈં, જો લોક-અલોકકો દેખનેવાલે કેવલજ્ઞાનરૂપી રાજ્યલક્ષ્મીકે ધારી હૈ ઐસે તીર્થંકર ભી આયુકર્મકે સમાપ્ત હોને પર ઈસ શરીરકો છોડકર મોક્ષકો ચલે જાતે હૈ, તો ફિર અન્ય અલ્પાયુધારી માનવોંકે જીવનકા ક્યા ભરોંસા?

—શ્રી સુભાષિતરત્નસંદોહ

● આ મનુષ્ય શું વાનો રોગી છે? શું ભૂત-પિચાશ આદિથી ગ્રહાયો છે? શું ભ્રાંતિ

પામ્યો છે? અથવા શું પાગલ છે? કારણ કે તે 'જીવન આદિ વીજળી સમાન ચંચળ છે' આ વાત જાણે છે દેખે છે અને સાંભળે પણ છે તોપણ પોતાનું કાર્ય (આત્મહિત) કરતો નથી.

—શ્રી પદ્મનંદીપંચવિંશતિ

● આ સંસારમાં સુખ તો બે દિવસનું છે, પછી તો દુઃખોની પરિપાટી છે; તેથી હે હૃદય! તને શિખામણ આપું છું કે તારા ચિત્તને તું વાડ કર. અર્થાત્ મર્યાદામાં રાખ ને સાચા માર્ગમાં જોડ.

—શ્રી પાહુડ દોહા

● આ જગત ઈન્દ્રજાળ તથા કેળના સ્તંભ સમાન કેવળ નિઃસાર છે, એ શું તું નથી જાણતો? નથી સાંભળ્યું? વા પ્રત્યક્ષ નથી દેખાતું? હે જીવ! આપ્તજનોના મરણ પાછળ શોક કરવો એ નિર્જન અરણ્યમાં પોક મૂકવા સમાન વ્યર્થ છે. જે ઉત્પન્ન થયો છે તે મરશે જ. મરણના સમયે તેને કોણ બચાવી શકે તેમ છે? છતાં મૂર્ખ મનુષ્ય સંબંધીજનોના મરણ પાછળ શોક કરે છે એ જ અનાદિકાલીન મોહની ઘેલછા છે.

—શ્રી આત્માનુશાસન

● આ પૃથ્વી ઉપર જે મૂર્ખ મનુષ્યો છે તેઓ પણ દુઃખનો નાશ કરવા માટે પ્રયત્ન કરે છે; છતાં પણ જો પોતાના કર્મના પ્રભાવથી તે દુઃખનો વિનાશ ન યે થાય તોપણ તેઓ એટલા મૂર્ખ નથી. અમે તો તે જ મૂર્ખોને મૂર્ખોમાં શ્રેષ્ઠ અર્થાત્ અતિશય મૂર્ખ માનીએ છીએ જે કોઈ ઈષ્ટ મનુષ્યનું મરણ થતાં પાપ અને દુઃખના નિમિત્તભૂત શોકને કરે છે.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

● જિસ મૃત્યુતૈં જીર્ણ દેહાદિક છૂટી નવીન હો જાય સો મૃત્યુ સત્પુરુષનિકૈં શાતાકા ઉદયકી જ્યોં હર્ષકે અર્થી નહીં હોય કહા? જ્ઞાનીનિકૈં તો મૃત્યુ હર્ષકે અર્થી હી હૈ.

—મૃત્યુમહોત્સવ

● સંસારમાં લોકો પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મૃત્યુ થતાં જે વિપાલપૂર્વક ચીસો પાડીને રુદન કરે છે તથા તેનો જન્મ થતાં જે હર્ષ કરે છે તેને ઉન્નત બુદ્ધિના ધારક ગણધર આદિ પાગલપણું કહે છે. કારણ કે મૂર્ખતાવશ જે ખોટી પ્રવૃત્તિઓ કરવામાં આવી હોય તેનાથી થતા કર્મના પ્રકૃષ્ટ બંધ અને તેના ઉદયથી સદા આખુંય વિશ્વ મૃત્યુ અને ઉત્પત્તિની પરંપરાસ્વરૂપ છે.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

● જીવ એકલો મરે છે અને સ્વયં એકલો જન્મે છે; એકલાનું મરણ થાય છે અને એકલો રજરહિત થયો થકો સિદ્ધ થાય છે.

—શ્રી નિયમસાર

● જિસ પ્રકાર કરવતસે લકડી કટતી હૈ ઉસી પ્રકાર રાત-દિનકે દ્વારા તેરી આયુકે નિષેક ક્ષીણ હોતે હૈં અતઃ શીઘ્રાતિશીઘ્ર અપના ભલા કરો, ક્યોંકિ યહ ઠાઠ-બાટ તો યહીં પડા રહ જાયગા. —શ્રી બુધજન—સત્‌સઇ

● જે વીર છે તેને પણ મરવું પડે છે તથા જે વીર નથી તે પણ અવશ્ય મરે છે. જો વીર તથા કાયર બંને મરે જ છે તો વીરતાથી અર્થાત્ સંક્લેશ રહિત પરિણામોથી મરવું જ શ્રેષ્ઠ છે. હું સંક્લેશરહિત પરિણામથી પ્રાણનો ત્યાગ કરીશ.—શ્રી મૂલાચાર

● સુખકો પાનેકે ભાવસે પ્રેરિત હોકર મૂર્ખ મનુષ્ય ક્યા ક્યા પાપ નહિ કર ડાલતે હૈં? જિસ પાપસે કરોડોં જન્મોંમેં ભી દુઃખોંકો પાતે હૈં. —શ્રી સારસમુચ્ચય

● જબ ઈન્દ્ર, ચંદ્ર આદિ ભી મરણકે દ્વારા નિશ્ચયસે નાશ કિયે જાતે હૈં તબ ઉનકે મુકાબલેમેં કીટકે સમાન અલ્પાયુવાલે અન્યજનકી તો બાત હી ક્યા હૈ? ઈસલિયે અપને કિસી પ્રિયકે મરણ હો જાને પર વૃથા મોહ નહીં કરના ચાહિયે. ઈસ જગતમેં તૂ ઐસા કોઈ ઉપાય શીઘ્ર ઢૂંઢ જિસસે કાલ અપના દાવ ન કર શકે. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ

● આશારૂપ ખાણ નિધિઓથી પણ અતિશય અગાધ છે. વળી એ એટલી બધી ગહન અને વિશાળ છે કે જે ત્રિલોકની સમસ્ત વિભૂતિથી પણ ભરાવી અસંભવ છે. માત્ર એક આત્મગૌરવ—આત્મમહત્તારૂપ ધન વડે સહજમાં તે ભરાય છે કે જે હજારો પ્રકારની તૃષ્ણારૂપ દુઃખદ વ્યાકુળતાને શમાવવામાં એક અદ્વિતીય અમોઘ ઔષધ છે.

—શ્રી આત્માનુશાસન

● અજ્ઞાની-બહિરાત્મા જેમાં—શરીર, પુત્ર, મિત્રાદિ બાહ્ય પદાર્થોમાં—વિશ્વાસ કર છે તેનાથી—શરીરાદિ બાહ્ય પદાર્થોથી બીજું કોઈ ભયનું સ્થાન નથી અને જેનાથી—પરમાત્મસ્વરૂપના અનુભવથી તે ડરે છે તેનાથી બીજું કાંઈ આત્માને નિર્ભયતાનું સ્થાન નથી.

—શ્રી સમાધિતંત્ર

● લોકમેં જો દુર્બુદ્ધિ મનુષ્ય, મરણકો પ્રાપ્ત હુએ મનુષ્યકે લિયે શોક કરતા હૈ વહ અપને પરિશ્રમકા વિચાર ન કરકે માનોં આકાશ તો મુષ્ટિયોંસે આહત કરતા હૈ અથવા તેલકે નિમિત્ત બાલુકે સમૂહકો પીલતા હૈ. —શ્રી સુભાષિતરત્નસંદોહ

● જો જીવ મૃત્યુ નામ કલ્પવૃક્ષકૂં પ્રાપ્ત હોતે હૂં અપના કલ્યાણ નાહીં સિદ્ધ કિયા સો જીવ સંસારરૂપ કર્દમમેં ડૂબા હુઆ પીછૈં કહા કરસી? —મૃત્યુમહોત્સવ

● યદિ સૂર્યકી કિરણસમૂહમેં કદાચિત્ ઠંડકપના હો જાવે તથા ચંદ્રમામેં ગર્મી હો જાવે વ કદાચિત્ સુમેરુપર્વતમેં જંગમપના યા હલનચલનપના પ્રાપ્ત હો જાવે તો હો જાવે, પરંતુ કભી ભી દુઃખોંકી ખાન ઈસ ભયાનક સંસારકે ચક્રમેં ભ્રમણ કરતે હુએ પુરુષકો પ્રગટપને સુખ નહીં પ્રાપ્ત હો સકતા હૈ. —શ્રી તત્ત્વભાવના

● જિસ સંસારમેં પૃથ્વીકો ઉલટાનેમેં, આકાશમાર્ગસે ચંદ્ર સૂર્યકો ઉતાર ફેંકનેમેં, વાયુકો અચલ કરનેમેં, સમુદ્રકે જલકો પી ડાલનેમેં તથા પર્વતકો ચૂર્ણ કરનેમેં સમર્થ પુરુષ મૃત્યુકે મુખમેં પ્રવેશ કરતે હો વહાં દૂસરોંકી ક્યાં સ્થિતિ હૈ? ઠીક હૈ, જિસ બિલમેં વનોંકે સાથ પર્વત સમા જાતા હૈ ઉસમેં પરમાણુકા સમા જાના કૌન બડી બાત હૈ?

—શ્રી સુભાષિતરત્નસંદોહ

● એક બાર મિથ્યાશાસ્ત્રકી યુક્તિ ભોલેં જીવોંકે મનમેં ઐસી પ્રવેશ હો જાતી હૈ કિ ફિર સેંકડોં ઉત્તમોત્તમ યુક્તિયેં સુને તો ભી વે ચિત્તમેં પ્રવેશ નહીં કરતી હૈ! અર્થાત્ ઐસા હી કોઈ સંસ્કારકા નિમિત્ત હૈ કિ વહ મિથ્યા આગ્રહ કભી દૂર નહીં હોતા.

—શ્રી જ્ઞાનાર્ણવ

● મને ઈષ્ટ પદાર્થોનો વિયોગ ન થઈ જાય તથા અનિષ્ટ પદાર્થનો સંયોગ ન થઈ જાય એવા પ્રકારથી આ જન્મમાં આક્રંદ કરવાને આલોકભય કહે છે, તથા ન જાણે આ ધન સ્થિર રહેશે કે નહિ, દૈવયોગથી કદાચિત્ દારિદ્રતા પ્રાપ્ત ન થઈ જાય ઈત્યાદિ માનસિક વ્યથારૂપ ચિંતા મિથ્યાદષ્ટિઓને બાળવા માટે સદાય સળગતી જ રહે છે.

—શ્રી પંચાધ્યાયી

● ધર્માત્મા પ્રાણીને ઝેરી સાપ હાર બની જાય છે, તરવાર સુંદર ફૂલોની માળા બની જાય છે, શત્રુ પ્રેમ કરવા માંડે છે અને દેવ પ્રસન્ન ચિત્ત થઈને આજ્ઞાકારી થઈ જાય છે. ઘણું શું કહેવું? જેની પાસે ધર્મ હોય તેની ઉપર આકાશ પણ નિરંતર રત્નોની વર્ષા કરે છે. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ

● જીવ અને શરીર પાણી અને દૂધની જેમ મળેલાં છે તોપણ ભેગાં—એકરૂપ નથી, જુદાં જુદાં છે; તો પછી બહારમાં પ્રગટરૂપી જુદાં દેખાય છે એવા લક્ષ્મી, મકાન, પુત્ર અને સ્ત્રી વગેરે મળીને એક કેમ હોઈ શકે? —શ્રી છઢાળા

● પ્રત્યેક ક્ષણે જે આયુષ્યની હાનિ થઈ રહી છે એ યમરાજનું મુખ છે, તેમાં (યમરાજના મુખમાં) બધા જ પ્રાણી પહોંચે છે. અર્થાત્ બધા પ્રાણીઓનું મરણ

અનિવાર્ય છે. છતાં એક પ્રાણી બીજા પ્રાણીનું મૃત્યુ થતાં શોક કેમ કરે છે? અર્થાત્ જો બધા સંસારી પ્રાણીઓનું મરણ અવશ્ય થનાર છે, તો એકે બીજો મરતાં શોક કરવો ઉચિત નથી.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

● મનુષ્ય મરણ પામેલાં જીવોના વિષયમાં સાંભળે છે તથા વર્તમાનમાં તે મરણ પામનાર ઘણા જીવોને સ્વયં દેખે પણ છે; તોપણ તે કેવળ મોહના કારણે પોતાને અતિશય સ્થિર માને છે. તેથી વૃદ્ધત્વને પ્રાપ્ત થવા છતાં પણ તે ઘણું કરીને ધર્મની અભિલાષા કરતો નથી અને તેથી જ પોતાને નિરંતર પુત્રાદિરૂપ બંધનોથી અત્યંતપણે બાંધે છે.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ

● જેમ કોઈ પુરુષ તપેલાં લોખંડના ગોળા વડે પરને ઈજા કરવા ઈચ્છતો થકો પ્રથમ તો પોતે પોતાને જ ઈજા કરે છે (—પોતે પોતાના જ હાથને બાળે છે). પછી ઈજા થાય કે ન થાય—નિયમ નથી. તેમ જીવ તપેલાં લોખંડના ગોળા સમાન મોહાદિ પરિણામે પરિણમતો થકો પ્રથમ તો નિર્વિકાર સ્વસંવેદન જ્ઞાનસ્વરૂપ નિજ શુદ્ધ ભાવપ્રાણને જ ઈજા કરે છે, પછી પરના દ્રવ્યપ્રાણોને ઈજા થાય કે ન થાય—નિયમ નથી.

—શ્રી પ્રવચનસાર—ટીકા

● કોઈ અતિ નિંદ્રાવશ મનુષ્યને તેના મર્મસ્થાન ઉપર મુદગરની ચોટ મારે, અથવા અગ્નિના આતાપથી દેહને જરા ઉષ્ણતા લાગે, અથવા ક્યાંય વાજિંત્રોનો અવાજ સાંભળે તો તે તુરત જાગૃત થઈ જાય છે. પરંતુ અવિવેકી જીવને તો પાપકર્મફળના ઉપરા ઉપરી ઉદયરૂપ મુદગરના માર મર્મસ્થાન ઉપર પડ્યા કરે છે, મહાદુઃખરૂપ ત્રિવિધ તાપથી તેનો દેહ નિરંતર બળી રહ્યો છે અને આજ આ મર્યો, કાલ આ મર્યો, ફલાણો આમ મર્યો અને ફલાણો તેમ મર્યો—એવા યમરાજના વાજિંત્રોના ભયંકર શબ્દો વારંવાર સાંભળે છે, છતાં એ મહા અકલ્યાણકારક અનાદિ મોહનિંદ્રાને જરાય વેગળી કરી શકતો નથી, એ પરમ આશ્ચર્ય છે.

—શ્રી આત્માનુશાસન

● બીજાના દુઃખો સાંભળીને ઘણી વખત સાંભળનારાઓને અરેરાટી થઈ જાય છે પણ તે અરેરાટ (વૈરાગ્ય) સાચો નથી. જીવને દુઃખ અપ્રિય છે એટલે દુઃખની વાત સાંભળવામાં ઉદાસીન ભાવ આવી જાય છે, પણ આ ઉપરથી એમ ન સમજવું કે તેને સંસારથી ખરો અરેરાટ થયો છે. તેને તો ચક્રવર્તીની ઋદ્ધિનું વર્ણન કે નારકીના દુઃખનું વર્ણન બંનેમાં સંસારનું દુઃખ સરખું જ લાગે છે. બંને તરફ સરખો જ ઉદાસીન ભાવ હોય છે.

—દૃષ્ટિનાં નિધાન

● હે આત્મન્! ઈસ સંસારમેં સંગ કહિયે ધન-ધાન્ય-સ્ત્રી-કુટુંબાદિક મિલાપરૂપ જો પરિગ્રહ હૈ વે ક્યા તુજે વિષાદરૂપ નહીં કરતે હૈં? તથા યહ શરીર હૈ, ઓ ક્યા રોગોંકે દ્વારા છિન્નરૂપ વા પીડિત નહિ કિયા જાતા હૈ? તથા મૃત્યુ તુજે પ્રતિદિન ગ્રસને કે લિયે મુખ નહિ ફાડતી હૈ? ઔર આપદાયેં ક્યાં તુજસે દ્રોહ નહિ કરતી હૈં? ક્યા તુજે નરક ભયાનક નહિ દીખતે? ઔર યે ભોગ હૈં સો ક્યા સ્વપ્નકે સમાન તુજે ઠગનેવાલે (ધોખા દેનેવાલે) નહીં હૈ? જિસસે કિ તેરે ઈન્દ્રજાલસે રચે હુએ કિન્નરપુરકે સમાન ઈસ અસાર સંસારમેં ઈચ્છા બની હુઈ હૈ? —શ્રી જ્ઞાનાર્ણવ

● અપને દુષ્ટ અશુભ ભાવોંસે જો કર્મ પહલે બાંધા જા ચુકા હૈ ઉસકે ઉદય આને પર કૌન બુદ્ધિમાન દૂસરોં પર ક્રોધ કરેગા? —શ્રી સારસમુચ્ચય

● પરકૃત નિંદા અપમાન અને તિરસ્કાર દર્શાવનારા વચનો નહીં સહન થવાથી તે નહીં સાંભળવા ઈચ્છતા એવા તારા કાન સાંભળવાની શક્તિથી રહિત થયા, તારી આ નિંદ્ય પરવશ દશા પ્રત્યક્ષ જોવા તારા નેત્ર અસમર્થ અર્થાત્ અંધદશાને પામ્યા, તને અત્યંત પ્રિય એવું તારું શરીર પણ જાણે સન્મુખ આવી રહેલાં કાળના ભયથી થર થર કાંપે છે—એમ જરાથી કેવળ જીર્ણ થઈ રહેલાં અને અગ્નિથી બળી રહેલાં ઘર સમાન આ મનુષ્યશરીરમાં હે જીવ! તું શું નિશ્ચળ થઈ બેઠો છે? —શ્રી આત્માનુશાસન

● જીવના પોતાના ઉપાર્જન કરેલાં કર્મ સિવાય કોઈ પણ, કોઈને પણ કાંઈ પણ આપતું નથી એમ વિચારી, અન્ય આપે છે એવી બુદ્ધિ છોડી, આત્મા વડે અનન્યપણું વિચારવું. —સામાયિક પાઠ

● આ મારું અનિષ્ટ અથવા ઈષ્ટ ચિંતન કરે છે એ બુદ્ધિ—વિચાર નિરર્થક છે. (કેમકે) બીજાની ચિંતાથી બીજો પીડિત કે પાલિત થતો નથી. —શ્રી યોગસારપ્રાભૃત

● પરમાર્થકે સાધે બિના મૂર્ખજન અપને જીવનકો નષ્ટ કર દેતે હૈં જૈસે પતંગ ઉડાનેવાલા કેવલ સમય નષ્ટ કરતા હૈ, કમાઈ કુછ નહીં કરતા.

—શ્રી બુધજન—સત્સઈ

● જ્યાં પ્રાણી વારંવાર અનેક પ્રકારની અવસ્થાઓરૂપ વેશોની ભિન્નતાથી નટસમાન આચરણ કરે છે એવા તે સંસારમાં જો ઈષ્ટનો સંયોગ થાય છે તો વિયોગ તેનો અવશ્ય થવો જોઈએ; જો જન્મ છે તો મૃત્યુ પણ અવશ્ય હોવું જોઈએ; જો સંપત્તિ છે તો વિપત્તિ પણ અવશ્ય હોવી જોઈએ તથા જો સુખ છે તો દુઃખ પણ અવશ્ય હોવું

જોઈએ. તેથી સજ્જન મનુષ્યે ઈષ્ટ સંયોગાદિ થતાં હર્ષ અને ઈષ્ટ વિયોગાદિ થતાં શોક પણ ન કરવો જોઈએ. —શ્રી પદ્મનંદિપંચવિંશતિ

● હે મિત્ર! તું પરવસ્તુની અભિલાષારૂપ અતિ વેગવાન નદીનો વહેરાવ્યો અનાદિકાળથી અનેક જન્મ ધરતો ધરતો અતિ દૂરથી અહીં સુધી આવ્યો છે એ શું તું નથી જાણતો? એ આશારૂપ મહાનદી એટલી અથાહ, ગંભીર અને વેગવાન છે કે તે અન્ય કોઈ પણ ઉપાયથી દુર્લંઘ્ય છે, માત્ર આત્મબોધ વડે જ તું તેને તરી શકે એમ છે.

—શ્રી આત્માનુશાસન

● હે જીવ! દેહનાં જન્મ-જરા-મરણ દેખીને તું ભય ન કર; પોતાના આત્માને તું અજર—અમર પરમ બ્રહ્મ જાણ. —શ્રી પાહુડદોહા

● જેમ મુટ્ઠી વડે આકાશ ઉપર પ્રહાર કરવો નિરર્થક છે, જેમ ચોખાને માટે ફોતરાને ખાંડવા નિરર્થક છે, જેમ તેલને માટે રેતીને પીલવી નિરર્થક છે, જેમ ઘી માટે જળને વલોવવું તે નિરર્થક છે, કેવળ મહાન ખેદનું કારણ છે. તેમ અશાતાવેદનીયાદિ અશુભ કર્મનો ઉદય આવતાં વિલાપ કરવો, રડવું, ક્લેષિત થવું, દીન વચનો બોલવા નિરર્થક છે—દુઃખ મટાડવાને સમર્થ નથી, પરંતુ વર્તમાનમાં દુઃખ વધારે છે અને ભવિષ્યમાં તિર્યંચગતિ તથા નરક—નિગોદના કારણભૂત તીવ્ર કર્મ બાંધે છે જે અનંતકાળમાં પણ છૂટતાં નથી. —શ્રી ભગવતીઆરાધના

● (દિનપ્રતિદિન બનતાં દેહવિલયનાં ક્ષણભંગુર પ્રસંગો સાંભળીને વૈરાગ્યભર્યા શબ્દોમાં પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે) હે ભાઈ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. દેહનો સંયોગ તો વિયોગજનિત જ છે. જે સમયે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થવાની છે તે સમયે તારા કોટિ ઉપાયો પણ તને બચાવવા સમર્થ નથી. તું લાખ રૂપિયા ખર્ચ કે કરોડ ખર્ચ. ગમે તો વિલાયતી ડૉક્ટર લાવ પણ આ બધું છોડીને તારે જવું પડશે. દેહવિલયની આવી નિયત સ્થિતિને જાણીને તે સ્થિતિ આવી પડે તે પહેલાં જ તું ચેતી જા. તારા આત્માને ૮૪ના ફેરામાંથી બચાવી લે. આંખ મીંચાયા પહેલાં જાગૃત થા. આંખ મીંચાયા પછી ક્યાં જઈશ તેની તને ખબર છે? ત્યાં કોણ તારા ભાવ પૂછનાર હશે? તો અહીં, લોકો આમ કહેશે ને સમાજ આમ કહેશે ને સમાજ તેમ કહેશે—એવી મોહની ભ્રમજાળમાં ગૂંચવાઈને તારા આત્માને શા માટે ગૂંગળાવી રહ્યો છે? —દૃષ્ટિનાં નિધાન

શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળ–મુંબઈના સૌજન્યથી

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિવિધ અદ્‌ભુતતાયુક્ત અત્યાનંદોલ્લાસથી ઉજવાયેલ

# ૧૨૦મો શ્રી કહાનગુરુ–જન્મમહોત્સવ

## પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત વિશુદ્ધ અધ્યાત્મધારાના સાતિશય પ્રભાવક અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૨૦મો ભક્તવૃંદઆનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ–અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૨-૪-૨૦૦૯ થી તા. ૨૬-૪-૨૦૦૯ સુધી પંચાહ્નિક, ગુરુ-મહિમાદ્યોતક વિભિન્ન રોચક કાર્યક્રમ સહ અતિ ભવ્ય સમારોહપૂર્વક પ્રચુર આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ મંગલ મહોત્સવના આયોજક શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળ–મુંબઈના આબાલ–વૃદ્ધ સર્વે સદસ્યોને આ ગુરુ–જન્મોત્સવને અતિશય આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનો અતિઉત્સાહ હતો.

## ગુરુ-ભક્તિની પ્રેરણાદાત્રી

સ્વાનુભૂતિવિભૂષિત વીતરાગમાર્ગના દાતા, પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃત-ભાવભીના ભક્ત્યુલ્લાસના આ મંગલ અવસર પર, કહાનગુરુ–ઉપકારમહિમા બતાવનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઉપકૃતભાવભીની પવિત્ર સ્મૃતિ સર્વે મુમુક્ષુઓને પોતાના સ્મૃતિપટ પર બરાબર ઉપસી આવતી હતી. જાણે સુવર્ણપુરીના અંતરીક્ષમાં તેઓની પરોક્ષ મંગલ ઉપસ્થિતિ જ મુમુક્ષુ ભક્તોને ગુરુભક્તિની સાતિશય ઉલ્લાસભરી પ્રેરણા આપતી હતી. ઉપરોક્ત મુમુક્ષુમંડળ દ્વારા આયોજિત આ પવિત્ર જન્મજયંતી–સમારોહમાં સર્વ મુમુક્ષુસમાજે તે કલ્યાણી મૂર્તિની ભક્તિપ્રેરણા ઝીલીને આ ૧૨૦મો ગુરુ–જન્મોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યો.

## ધર્મપ્રભાવનાપૂર્ણ આયોજન

ગુરુ–જન્મોત્સવની આ પવિત્ર વેળાએ દેશવિદેશથી લગભગ ૩૦૦૦ થી અધિક ગુરુભક્તો આવ્યા હતા. પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતા પ્રતિ સમર્પિત શ્રદ્ધાજીવનયુક્ત મુમુક્ષુઓ દ્વારા, આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ-પરમાગમ-સફળ-ગદ્યપદ્યાનુવાદક, ગુરુભક્ત પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહની ગુરુભક્તિભીની ઉલ્લાસવર્ધિની કલ્યાણી પંચ-પરમાગમ–ગુર્જરઅનુવાદરૂપ–ઉપકારછાયામાં ઉજવાયેલ આ ગુરુ–જન્મોત્સવ વસ્તુતઃ સર્વેને ધર્મપ્રભાવના વૃદ્ધિકારી તથા આનંદદાયી અનુભૂત થયો.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ગુરુભક્તિ–પદોથી અંકિત ભવ્ય 'બેનર' તથા વિવિધ ભવ્ય શોભાસાજથી વિભૂષિત મનોહર મંડપમાં ક્રમશઃ સવારે પૂજ્ય બહેનશ્રીની દેવગુરુભક્તિ તથા સ્વાનુભવ-

રસભીની વિડિયો-ધર્મચર્ચા, પરમાગમ મંદિરમાં શ્રી ષોડશકારણભાવના વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમયસાર પર અધ્યાત્મ-રસપૂર્ણ સીડીપ્રવચન, પ્રાસંગિક-ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ; બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, પરમાગમ મંદિરમાં જિનેન્દ્રભક્તિ, શિક્ષણવર્ગ, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનાં સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ.-આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારુ ચાલતો હતો. વિધાન પૂજા, પ્રવચન તથા ભક્તિના પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી જગ્યા પુરી ભરાઈ જતી હતી.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર-પારણઝૂલન

વાર્ષિક ગુરુ-જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૨૫-૪-૨૦૦૯ના દિવસે સાંજે 'ધાતકી-વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના સમવસરણ-વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. નવનિર્મિત ભવ્ય રથની ગંધકૂટી પર બિરાજમાન ભાવિ-ભગવાનનો સમવસરણવિહાર સર્વે ભક્તોને અતિ આનંદપ્રદ અનુભૂત થતો હતો. રથમાં જિનેન્દ્ર ભગવાનને બિરાજમાન કરવાનો લાભ શ્રી દર્શન હેમાંશુભાઈ હ. અંજનભાઈ, દાદર તથા ભગવાનના રથના સારથી બનવાનો લાભ શ્રી ગુણવંતરાય ભાયાણી-દાદરને પ્રાપ્ત થયો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક ભવ્ય સાજ તથા વાજા સાથે 'કહાનકુંવરના પારણાઝુલન' નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો. (પારણાઝૂલનની બોલીનું સૌભાગ્ય શ્રી જયેશભાઈ નંદલાલ મહેતા પરિવાર-દાદરને સંપ્રાપ્ત થયું હતું.) આ મંગલ રથોત્સવની ભવ્યતા જોઈને ઈતર ગ્રામજનતા પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. બ્રહ્મચારિણી બહેનોએ મહિલા વિભાગમાં તથા ભજનમંડળીએ પુરુષ વિભાગમાં મધુરા સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

ઉત્સવના પ્રથમ ત્રણ દિવસ રાત્રિ સમયે દાદર મુમુક્ષુમંડળના યુવક-યુવતી તથા બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. દાદર મુમુક્ષુમંડળ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના ફોટાઓનું એક સુંદર પ્રદર્શન પણ ખુલ્લું મુકવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત દાદર મુમુક્ષુમંડળ દ્વારા પ્રસ્તુત તથા શ્રી રાજુભાઈ શાહ (પાર્લા) દ્વારા નિર્મિત પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરની એક ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજ
## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે, મનોહર દ્રશ્યોથી વિભૂષિત સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશાળ ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) સમક્ષ ક્રમશઃ પ્રાતઃદર્શન, સદ્ગુરુદેવસ્તુતિ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ પ્રણિપાત-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનું વિડિયો-'માંગલિક', બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પ્રાસંગિક ભક્તિ તથા વંદના, પરમાગમ મંદિરમાં શ્રી ષોડશકારણ-ભાવના વિધાન પૂજા તથા તેનું સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન; તત્પશ્ચાત્ પૂજ્ય બહેનશ્રીએ કરેલી ગુરુજન્મવધાઈ તથા ગુરુભક્તિના વિડિયો દ્વારા દર્શન, તથા ગુરુ-

જન્મવધાઈનો ભક્તિરસપૂર્ણ કાર્યક્રમ થયો હતો. વધાઈ વેળાએ દાદર મંડળના યુવકો દ્વારા સુંદર રીતે સ્ટેજ શણગારવામાં આવ્યું હતું. તદ્‌ઉપરાંત પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાગત અને ભક્તિ કરતો એક સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો જે બધાને ભાવવિભોર કરી ગયો હતો. બપોરે શાસ્ત્રપ્રવચન, દેવગુરુભક્તિ; સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, વગેરે કાર્યક્રમ થયા હતા. ઉત્સવમાં મળેલ ગુરુદર્શન, ગુરુવાણી તથા બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાથી સમાગત મહેમાનોને અત્યંત આનંદાનુભૂતિ થતી હતી.

આ મંગલ અવસર પર શાસ્ત્ર પ્રવચન ડૉ. શ્રી પ્રવીણભાઈ દોશી (રાજકોટ), શ્રી નિરંજનભાઈ (સુરત), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી હિંમતભાઈ ડગલી, તથા અધ્યાપનકાર્ય બ્ર. શ્રી વ્રજલાલભાઈ ( વઢવાણ), શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી રમેશભાઈ (સલાલ) દ્વારા ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કર્યું હતું. તથા બહેનોમાં બ્ર. આશાબેન અને બાળકોમાં બ્ર. કોકિલાબેન ખારાએ શિક્ષણ આપ્યું હતું.

**સ્થાયી મંડલ વિધાન પૂજા :** આ મંગળ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૧૨૮ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૨ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત કહાનગુરુ-જન્મોત્સવના પાંચે દિવસ સમાગત મહેમાનો માટે તથા સ્થાનીય મુમુક્ષુમંડળ માટે સવારે તથા સાંજે જમણ (–સ્વામીવાત્સલ્ય) જન્મોત્સવ-આયોજક શ્રી શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળ–મુંબઈ તરફથી તથા સ્થાયી જમણ ૭ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

આ મંગળ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૧૧,૧૩,૬૨૬=૦૦ની ઉપજ થઈ હતી—

| | | |
|---|---|---|
| ૧. | ૧૨૦ના અંકમાં ૧૨૦ × ૧૮૭૪ | ૨,૨૪,૮૮૦=૦૦ |
| ૨ | પ્રાસંગિક વિધાનપૂજા ૨ × ૧૦૦૧ | ૨,૦૦૨=૦૦ |
| ૩. | રથયાત્રામાં બોલી | ૪,૪૦,૦૦૦=૦૦ |
| ૪. | રૂા. ૧૦૦૦ની વધાઈ ૧૦૦૦ × ૧૦ | ૧૦,૦૦૦=૦૦ |
| ૫. | રૂા. ૫૦૦ની વધાઈ ૫૦૦ × ૪૯૨ | ૨,૪૬,૦૦૦=૦૦ |
| ૬. | જિનેન્દ્ર-આરતીમાં | ૧૦,૨૬૮=૦૦ |
| ૭. | રથયાત્રા, પારણાઝુલન તથા જન્મવધાઈ સ્ટેજ પર | ૧,૦૫,૪૭૬=૦૦ |
| ૮. | અન્ય | ૭૫,૦૦૦=૦૦ |
| | કુલ રૂા. | ૧૧,૧૩,૬૨૬=૦૦ |

તદ્‌ઉપરાંત મહોત્સવનો બધો ખર્ચ આયોજક શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળ–મુંબઈ તરફથી આપવામાં આવ્યો હતો.

## સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે....પુસ્તકનો વિમોચન કાર્યક્રમ

ઉત્સવ અંતર્ગત ચૈત્ર વદ ૧૩, તા. ૨૩-૪-૦૯ના રોજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રકાશિત પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પર આધારિત ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં તૈયાર કરવામાં આવેલ પુસ્તકોનો વિમોચન કાર્યક્રમ અત્યંત ભક્તિ અને ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો. જિનેન્દ્ર પૂજા પશ્ચાત્ સર્વે મુમુક્ષુજનો પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને ગયા, ત્યાં પૂજ્ય ગુરુદેવશ્રીની ભક્તિ કરીને વિમોચન કરવામાં આવનાર પુસ્તકોને ભવ્ય જુલુસના રૂપમાં મંડપમાં લાવવામાં આવ્યાં. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન બાદ પુસ્તકના પાંચ સ્થાયી પુરસ્કર્તાઓના પરિવારજનો તથા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના ટ્રસ્ટીગણો દ્વારા પુસ્તકોનું અત્યંત ભક્તિપૂર્વક વિમોચન કરીને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીને અર્પણ કરવામાં આવ્યાં.

## An Eminent Jain Scholar Mr. Subhash Sheth's Visit USA

## Schedule 2009

| S.No | Dates | City | Contact |
|---|---|---|---|
| 1. | May 08-14<br>Fri - Thu | Lansdale, PA | Pravin Shah<br>215-362-5598 |
| 2. | May 15-20<br>Fri - Wed | Houston, TX | Suresh Ghelani<br>281-491-9811<br>Priti Sheth<br>281-499-5894 |
| 3. | May 21 - 26<br>Thu - Tue | Tempa, FL | Dr. Siddharth H. Shah<br>727-934-6141 |
| 4. | May 27 | Leave for Bombay, India | |

For further information, please contact :

**Hasmukh M. Shah,** President : Jain Swadhyay Mandir Songadh (USA)

304 Tall Oak Trail, Trapon Springs, Florida 34688 USA

**રૂા. ૧૦,૦૦૦/- શ્રી જોરાવરનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ, જોરાવરનગર તરફથી આ અંકના પ્રકાશનાર્થ સહયોગ મળેલ છે.**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી ૮-૩૦ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પરમાત્મપ્રકાશ) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | પરમાગમ શ્રી અષ્ટપ્રાભૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી સમયસારનાટક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

❋ **પૂજ્ય બહેનશ્રીનો જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્તિ દિવસ :** ચૈત્ર વદ-૮, તા. ૧૭-૪-૨૦૦૯ ને શુક્રવારના રોજ વિશેષ પૂજા-ભક્તિ સહ ઊજવવામાં આવ્યો હતો.

**પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ :** ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઓગણીસમી સાંવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૮-૫-૨૦૦૯ થી તા. ૧૨-૫-૨૦૦૯ (વૈશાખ વદ ૩) સુધી —પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડળ વિધાનપૂજા તથા તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવી હતી.

❋ **સમવસરણ મંદિરનો ૬૮મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ :**–વૈશાખ વદ ૬, સોમવાર, તા. ૧૫-૫-૨૦૦૯ શુક્રવારે સોનગઢના સમવસરણ મંદિરનો ૬૮મો વાર્ષિક પ્રતિષ્ઠાં દિવસ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સાથે મનાવવામાં આવ્યો.

**સ્વાધ્યાય-મંદિરના ઉદ્‌ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૨મો વાર્ષિક દિવસ :**–તા. ૧૭-૫-૨૦૦૯, વૈશાખ વદ ૮, રવિવારના દિવસે સોનગઢના સ્વાધ્યાય-મંદિરના ઉદ્‌ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૨મો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

**શ્રુતપંચમી પર્વ :**–જેઠ સુદ ૫ તા. ૨૮-૫-૨૦૦૯ ગરુવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્‌ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક મનાવવામાં આવશે.

## પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ સમર્પિત

# વિશેષ વ્યક્તિત્વની વિદાય

પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના એકનિષ્ઠ ભક્ત બ્ર. ભાઈશ્રી ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયાનું તા. ૨૨-૨-૨૦૦૯ શનિવારે દેહાવસાન થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની અદ્‌ભુત ધર્મસભાના એક વિશેષ વ્યક્તિત્વધારક ભક્ત ચાલ્યા ગયા—એવો અનુભવ સોનગઢ મુમુક્ષુમંડળને થાય છે.

બ્રહ્મદેશમાંથી રાજકીય કારણોસર સ્થળાંતર કરીને અનેક કષ્ટો વેઠીને ભારતમાં આવેલા દેશવાસીઓ પોતપોતાના વતનમાં આવ્યા ત્યારે ચંદુભાઈએ અઢાર વર્ષની ઉંમરે પ્રથમવાર સોનગઢમાં પોતાના પરિવારના ગુરુ પૂજ્ય શ્રી કાનજીસ્વામીના દર્શન કર્યાં.

વિ.સં. ૧૯૯૮ના મહા મહિનાનો સમય હતો. સોનગઢમાં બે ત્રણ મહિના પછી શ્રી સમવસરણ મંદિરની પંચકલ્યાણક પ્રતિષ્ઠા થવાની હતી, તેની તૈયારીઓ ચાલતી હતી. પરદેશના વાતાવરણમાંથી આવનાર ચંદુભાઈને અહીંના જુદા જ પ્રકારના ધર્મમય વાતાવરણમાં આવતાં ભારે કુતુહલમય જિજ્ઞાસા થઈ. અંતરમાં સુષુપ્તાવસ્થામાં પડેલા યોગ્યતાના બીજને પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન અને વાણીથી પોષણ અને સંવર્ધન મળ્યું. એ બીજ પાંગરતું ગયું, જિજ્ઞાસા વધતી ગઈ, નિકટતા વધતી ગઈ અને છેવટે વિધિની કોઈ અદ્‌ભુત પળે તેમણે પોતાનું આખુંય જીવન પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં સમર્પિત કરવાનો આખરી નિર્ણય કરી લીધો. આ કાર્યને યોગ્ય બનવા માટે બધી તૈયારી કરવા માંડી. આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહ ઉનાળાની રજાઓમાં સોનગઢ આવી જિજ્ઞાસુ યુવકોને દિગંબર જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોનું શિક્ષણ આપતા હતા. સોનગઢમાં શરૂ થયેલા આ શિક્ષણવર્ગમાં પ્રથમ જ જૂથના બ્રહ્મચારી વિદ્યાર્થી તરીકે ચંદુભાઈને ખૂબ રસ પડ્યો અને તેમણે ધાર્મિક શિક્ષણના પૂરક સહાયક તરીકે સંસ્કૃત ભાષાનો પણ અભ્યાસ શરૂ કર્યો. યુવાન, બુદ્ધિશાળી અને ઉત્સાહી ચંદુભાઈને તેમના પરિવારના વડીલો ઉપરાંત અન્ય આપ્તજનોનો સુંદર સહકાર અને ટેકો મળ્યો અને તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્પૂર્ણ અંતેવાસી બની ગયા.

એક ખાનદાન, સંપન્ન, બુદ્ધિશાળી થનગનતા યુવાનમાંથી તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના આજ્ઞાંકિત, વિવેકી, સમર્પિત શિષ્યરૂપે ઉઠાવ પામ્યા. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીના મર્મને સમજવા તેઓ અધિક અધિક પ્રયત્ન કરતા, ઊંડા ઉતરતા ગયા અને તેમણે તેમના જીવનનું ધ્યેય નક્કી કરી લીધું. ચાર વર્ષ પછી તેમણે પૂજ્ય ગુરુદેવશ્રી પાસે આજીવન બ્રહ્મચર્યપાલનની પ્રતિજ્ઞા

લીધી અને આખુંય જીવન ગુરુસેવા, શાસનસેવા અને તત્ત્વપ્રાપ્તિના પ્રયત્નમાં જ વીતાવ્યું. સુયોગ્ય ગુરુની સમીપે સુયોગ્ય શિષ્ય બનીને રહેતાં તેમનામાં સુપ્ત રીતે પડેલી અનેક શક્તિઓનો શીઘ્ર વિકાસ થવા લાગ્યો.

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીના શાસનના અદ્‌ભુત પ્રભાવનાયોગમાં આવા યુવાન, ઉત્સાહી અથક કાર્ય કરનારનો સાથ મળ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીના વિહારના સમયમાં, તીર્થયાત્રાના સમયમાં, અનેક શહેરોમાં થતી પંચકલ્યાણક અને વેદીપ્રતિષ્ઠાના સમયમાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રહીને તેમના અંગત અને જાહેરકાર્યોમાં મદદ કરતાં તેમનું જીવન પણ ઘડાતું ગયું. અનેક વિદ્વાનો, પંડિતો, ત્યાગીઓ પૂજ્ય ગુરુદેવશ્રી પાસે આવતા, તેમની સાથેની ધર્મવાર્તા, તત્ત્વચર્ચા અને દેશકાળની ભાતભાતની વાતોના તેઓ એકમાત્ર સાક્ષી રહેતા, આમાંથી તેમના જીવનને સમૃદ્ધ બનાવનાર ઘણું સાહિત્ય મળી રહેતું. નિરંતરના સત્સમાગમ અને સ્વાધ્યાયથી તેમનો ક્ષયોપશમ એવો વિકસ્યો કે પૂજ્ય ગુરુદેવશ્રીને જ્યારે કાંઈક સંદર્ભની જરૂર પડે કે તરત ચંદુભાઈ તે હાજર કરી શકતા. જયપુર—ખાનિયામાં, દિગંબરધર્મના પ્રસિદ્ધ પંડિતો અને સોનગઢ તરફથી પં. ફૂલચંદજી, શ્રી નેમિચંદભાઈ પાટનીજી વચ્ચે સોનગઢમાં જે પ્રરૂપણા જૈનધર્મના સ્વરૂપ વિષે ચાલે છે તે બાબત વિચાર-વિમર્શ કરવા ચર્ચા-આયોજન થયું હતું ત્યારે જરૂરી સંદર્ભ તત્કાળ ગોતી આપવા અને પંડિતજી તેમજ પાટનીજીને મદદરૂપ થવા બ્ર. ચંદુભાઈ જ ગયા હતા અને અપ્રગટ રહીને જે સહાય આપી હતી તે અનન્ય હતી. તેઓ પ્રશંસા અને પ્રસિદ્ધિના ગ્રાહક નહોતા.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવનાયોગમાં પોતાની જાતને ગુપ્ત રાખીને જે મદદ તેમણે આપી હતી તેથી તેમને જ લાભ થયો. પૂજ્ય ગુરુદેવશ્રી તેમના કાર્યનું મૂલ્ય સમજતા. વિહારમાં, અન્ય પ્રવાસમાં કે સોનગઢમાં સ્થાયી હોય ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીના આહારદાન, રહેઠાણ અને બીજી જરૂરિયાતોનું તેઓ ખૂબ ચીવટ અને વ્યવસ્થિતપણે સંયોજન કરતા. આ બધા કાર્યો તેમણે પૂરા ૩૯ વર્ષ સુધી પૂજ્ય ગુરુદેવશ્રીની છાયામાં રહીને કર્યાં.

તદ્‌ઉપરાંત સોનગઢની સંસ્થા જે સાહિત્ય પ્રકાશનનું કામ કરે છે તેમાં પણ તેમનો ફાળો અનેકવિધ અને બહુમૂલ્ય હતો. પંચ પરમાગમોના પ્રકાશન તેમજ આરસના શીલાપટ્ટ ઉપર ઉત્કીર્ણ કરાવવાના કાર્યમાં પંડિત શ્રી હિંમતભાઈને મૂળ શાસ્ત્રોનું પાંડુલિપિથી મિલાન તથા સાવધાનીપૂર્વક પ્રૂફરીડિંગ આદિરૂપે ઘણી મદદ કરી. તથા સમયસાર કળશટીકાનો ગુર્જરભાષામાં અનુવાદ વગેરે અનેક પ્રકારે સાહિત્ય પ્રકાશનમાં બહુમૂલ્ય સેવાઓ આપી. સંસ્થાએ પણ તેમના અત્યંત નિસ્પૃહ અને અતિ ઉપયોગી કાર્યની કદર કરીને તેમને જ્યારે ઉંમરના પચાસ વર્ષ પૂરાં થયાં ત્યારે, 'શ્રી મહાવીર જિન પરમાગમ મંદિર'માં પૂજ્ય ગુરુદેવશ્રીની હાજરીમાં તેમનું બહુમાન કરીને તેમને 'સન્માન પ્રતીક' અર્પણ કર્યું હતું.

પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વર્ગગમન બાદ તેમના ઉપદેશનું હાર્દ સાચવીને સોનગઢ–સ્વાધ્યાયમંદિરમાં સ્વાધ્યાય કરાવવાનું કામ નિયમિતપણે કોણ કરે તેની વિચારણા ચાલી ત્યારે તે કામ માટેનો કળશ તેમના માથે ઢળ્યો. પોતે તો ખૂબ જ સંકોચશીલ એટલે એમણે ઘણી આનાકાની કરી પણ તેમના આદરપાત્ર આપ્તજનોની સાચી હૂંફ અને સહકારથી તેમણે એ જવાબદારી પણ સંભાળી અને પૂરા ૨૭ વર્ષ સુધી નિયમિતપણે એક નિષ્ઠાથી નિભાવી. તદઉપરાંત સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયથી નિયમિતપણે વૈશાખ માસ તથા શ્રાવણ માસમાં વીસ દિવસ માટે યોજાતા ધાર્મિક શિક્ષણવર્ગમાં શિક્ષણ આપવાની જવાબદારી પણ તેમના શિરે જ આવી. આ જવાબદારી તેઓએ એટલી કાર્યદક્ષ રીતે ઉઠાવી કે તેમના શિક્ષણવર્ગમાં શિક્ષણ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો સમજવામાં ઘણી જ સરળતા થઈ. તેમના આ કાર્યને મુમુક્ષુઓ નિરંતર યાદ કરતા રહેશે. આમાં બીજાને ઉપદેશવાની મુખ્યતાને બદલે પોતાના જ ચિંતન વિચારને વિકસાવવાની–દૃઢ કરવાની દૃષ્ટિ જ તેમણે રાખી હતી અને તેથી તેઓ આ કાર્યથી સંપૂર્ણ સંતુષ્ટ રહેતા.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવનાયોગના પરિણામસ્વરૂપ હજી પણ ભારતના ઘણા પ્રદેશોમાં નવા-નવા મંદિરો બનતાં રહેતાં અને તેમાં પ્રતિષ્ઠાઓ થતી. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રેરિત નિર્માણ પામતા મંદિરોમાં પ્રતિષ્ઠા કરાવવાની જવાબદારી પણ તેમના શિરે આવી. ઉપકારીજનોની આગ્રહભરી પ્રેરણાથી તેમણે બધા ઉપલબ્ધ પ્રતિષ્ઠાપાઠોનો અભ્યાસ કર્યો અને હિંમતપૂર્વક એકલા હાથે પ્રતિષ્ઠાચાર્યનું કામ અત્યંત સફળતાપૂર્વક પાર પાડ્યું. પ્રતિષ્ઠાની પ્રત્યેક વિધિ શાસ્ત્રોક્ત પદ્ધતિથી સ્પષ્ટપણે, સરળભાષામાં સમજાવીને કરાવવાથી સૌને ખૂબ આનંદ આવતો. પ્રત્યેક વિધિ નિયમિતપણે અને હેતુની સ્પષ્ટતા કરીને સમજાવતા. આ મહાકાર્યનો લગભગ બધો બોજો એમના એકલાના જ શિરે રહેતો. તેઓ આ કાર્ય અત્યંત શ્રદ્ધા ભક્તિપૂર્વક કરતા એટલે એ ખૂબ ભાવવાહી બનતું અને દીપી નીકળતું. આ વિધિ જોનાર કોઈ પણ સુજ્ઞ કે અજ્ઞ પ્રેક્ષક તેમની સાચા દિલથી પ્રશંસા કરતા.


આ કર્મઠ પુરુષે પોતાના આત્માર્થ સાધનના મૂળભૂત કાર્યના અનુસંગે વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની આજ્ઞા સહ જે જે કાર્યો માથે લીધાં તેમાં પોતાનો પૂરો આત્મા રેડ્યો અને તેથી જ ઝળહળતી ફતેહ પણ પામ્યા. સોનગઢ (સુવર્ણપુરી)માં આત્મજ્ઞ સંત શ્રી કાનજીસ્વામી દ્વારા અધ્યાત્મપ્રધાન જૈનધર્મના પ્રાકટ્યની જે પ્રવૃત્તિ થઈ તેના ઈતિહાસમાં બ્ર. ચંદુલાલભાઈ ઝોબાળિયાએ કરેલા અવિસ્મરણીય કાર્યની નોંધ અનિવાર્યપણે લેવાશે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તેમના ઉપરોક્ત સર્વ આત્માર્થલક્ષી ધાર્મિકકાર્યો બદલ તેમનું અત્યંત ઋણી છે તથા તેમને ભાવભીની શ્રદ્ધાંજલી આપે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના અંતેવાસી બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાળિયાના દેહવિલય સમયે અન્ય મુમુક્ષુમંડળો તથા વ્યક્તિઓ દ્વારા વિવિધરૂપે શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. તેમની નામાવલી નીચે મુજબ છે.

(૧) શ્રી ઉપનગર દિ. જૈન મુમુક્ષુમંડળ, મલાડ
(૨) શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુમંડળ, મુંબઈ
(૩) શ્રી બોરીવલી દિ. જૈન મુમુક્ષુમંડળ, મુંબઈ
(૪) શ્રી દાદર દિ. જૈન મુમુક્ષુમંડળ, મુંબઈ
(૫) શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન મુમુક્ષુમંડળ, પાર્લા-સાંતાક્રુઝ
(૬) શ્રી કુંદકુંદકહાન પરિવાર યુવક મંડળ ટ્રસ્ટ, રાજકોટ
(૭) શ્રી આદિનાથ દિ. જૈન મુમુક્ષુમંડળ, ખંડવા
(૮) શ્રી સીમંધરસ્વામી દિ. જૈન મંદિર, શિવપુરી
(૯) શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, જલગાંવ
(૧૦) શ્રી કુંદકુંદકહાન સૂર્ય સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, બેંગલોર (રાજાજીનગર)
(૧૧) શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, મદ્રાસ
(૧૨) નાઈરોબી મુમુક્ષુમંડળ, હ. રાયચંદભાઈ, પ્રફુલ્લભાઈ રાજા, અજિતભાઈ, કિશોરભાઈ
(૧૩) શ્રી હૈદરાબાદ દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, હૈદરાબાદ
(૧૪) શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, સુરેન્દ્રનગર
(૧૫) શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, ખાડિયા-અમદાવાદ
(૧૬) શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, સુરત
(૧૭) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, રાજકોટ
(૧૮) શ્રી કાંતિલાલ અમીચંદ કામદાર પરિવાર. ચેન્નાઈ
(૧૯) શ્રીમતી વાસંતીબેન ગુણવંતભાઈ ભાયાણી, દાદર
(૨૦) પુષ્પાબેન મનસુખલાલ દોશી પરિવાર, મુંબઈ
(૨૧) વિજયભાઈ કાંતિલાલ શેઠ પરિવાર, મુંબઈ
(૨૨) શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર, મુંબઈ હ. નેમિષભાઈ, કેતનભાઈ
(૨૩) પ્રતિભાબેન અમરચંદભાઈ પરિવાર, ઇન્દૌર
(૨૪) વિકાસભાઈ, પ્રકાશભાઈ, મદ્રાસ
(૨૫) પવનભાઈ જૈન, અલીગઢ
(૨૬) હસમુખલાલ મગનલાલ શાહ, (યુ.એસ.એ.)
(૨૭) અકલંકભાઈ કોઠારી, વડોદરા
(૨૮) બિપિનભાઈ શાહ, ગાંધીનગર
(૨૯) શ્રી કહાનગુરુ અંકુર વિદ્યાલય, સોનગઢ

તથા અન્ય મુમુક્ષુમંડળો તેમજ વ્યક્તિઓ તરફથી પણ બ્ર. શ્રી ચંદુભાઈ પ્રત્યે શ્રદ્ધાંજલિ વ્યક્ત કરતા ટેલીફોન સંદેશા પ્રાપ્ત થયા છે.



## વૈરાગ્ય સમાચાર :–

સોનગઢનિવાસી ધ્રાંગધ્રાવાળા બ્ર. કંચનબેન છોટાલાલ શાહ (વર્ષ-૮૨) તા. ૨૬-૩-૦૯ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રી પાસે સૌ પ્રથમ છ બહેનોએ આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધેલી તેમાના તેઓ એક હતા, ત્યારથી સતત ૬૫ વર્ષ જેટલો સમય પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમમાં સ્થાયી રહ્યા હતા. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ પૂજ્ય બહેનશ્રીબેનનો ખૂબ જ લાભ લીધો હોવાથી તેમને તત્ત્વનો ઊંડો અભ્યાસ હતો. તેમના મોટાબેન સુશીલાશ્રી આદિ પાંચ શ્વેતામ્બર સાધ્વીઓ તેમની પ્રેરણાથી સોનગઢ સ્થાયી થયા હતા. તેમની પ્રેરણાથી આખું કુટુંબ પૂજ્ય ગુરુદેવશ્રીનું અનુયાયી બન્યું હતું.

સોનગઢનિવાસી જોડીયાવાળા શ્રી કાંતિભાઈ ગીરધરલાલ મહેતા (ઇન્ડિયન એરલાઈન્સવાળા) (–તે શ્રી શાંતિભાઈના નાનાભાઈ) (વર્ષ–૮૫) તા. ૪-૪-૦૯ના રોજ ૨-૩ દિવસની બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ અનેક વર્ષોથી સ્થાયી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો જ લાભ લીધો હતો. તેઓ તત્ત્વના ઊંડા અભ્યાસી હતા.

મોરબીનિવાસી અરિન્દ્ર નરેન્દ્રકુમાર મહેતા (વર્ષ-૩૯) તા. ૭-૫-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

કલકતાનિવાસી પુષ્પાબેન રમણિકભાઈ દેસાઈ (વર્ષ-૬૮) તા. ૯-૧૨-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. નાની ઉંમરમાં સોનગઢ રહીને લાભ લીધો હતો.

ઉમરાળાનિવાસી (હાલ-ખંભાત) ભારતીબેન તનસુખરાય કીકાણી (વર્ષ-૫૦) તા. ૨૯-૧-૦૯ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

ઉમરાળાનિવાસી મંગળાબેન બાબુલાલ કીકાણી (વર્ષ-૮૪) તા. ૧-૨-૦૯ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

ગઢડાનિવાસી (હાલ–તાકારિ) મનસુખલાલ જેતસીભાઈ મોદી (વર્ષ-૭૬) તા. ૧૯-૨-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી લાઠીવાળા શ્રી બાબુભાઈ ત્રિભોવનદાસ ઝવેરીના ધર્મપત્ની નિર્મળાબેન (વર્ષ-૭૯) તા. ૨૧-૨-૦૯ના રોજ ટૂંકી બિમારીમાં મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૨૦ વર્ષોથી સોનગઢ સ્થાયી રહેતા હતા અને તે પહેલાં વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

બોટાદનિવાસી શ્રી ભૂપતભાઈ નાગરદાસ કોઠારી (રાજાભાઈના પિતાશ્રી) (વર્ષ–૭૨) તા. ૯-૩-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

વિંછીયાનિવાસી (હાલ કાંદિવલી) શ્રી ચંદ્રકાંતભાઈ હરીચંદભાઈ બોટાદરા (વર્ષ–૭૭) તા. ૧૩-૩-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● અંદર જ્ઞાયકદેવનો મહિમા આવે ત્યારે આખા સંસારનો રસ છૂટી જાય છે, અને ત્યારે જ ભગવાન આત્મા સમીપ આવે છે. ભાઈ! આ તો ભાગવત્ કથા છે, ભાગવત્ કથા! નિજ જ્ઞાયક ભગવાનને બતાવનારી છે અને વીતરાગ સર્વજ્ઞ ભગવાને કહેલી છે માટે આ ભાગવત્ કથા છે. અનંત અગાધ શક્તિઓના ધારક એવા નિજ અભેદ ચૈતન્યસ્વરૂપનો અંદર રસ લાગે તેને સંસારનો રસ છૂટી જાય છે—વિષયની વાસનામાંથી સુખબુદ્ધિ ઊડી જાય છે. અંતરમાં જ્યાં અતીન્દ્રિય આનંદના નાથનો-આનંદસ્વરૂપ નિજ જ્ઞાયક પ્રભુનો—મહિમા આવ્યો, દૃષ્ટિમાં તેનો સ્વીકાર ને સત્કાર થયો ત્યાં શુભ ભાવનો પણ મહિમા ઊડી જાય છે—જ્ઞાનીને વ્રતાદિના શુભ પરિણામમાં પણ રાગ અને દુઃખ લાગે છે, તેમાંથી સુખની બુદ્ધિ ઊડી જાય છે. ૪૮૦.

● પ્રવચનસાર ગાથા-૧૭૨મા અલિંગગ્રહણના ૧૮મા બોલમાં કહ્યું છે કે આત્મામાં અનંતગુણો હોવા છતાં તે ગુણોના ભેદને આત્મા સ્પર્શતો નથી, કારણ કે ગુણના ભેદને લક્ષમાં લેતાં વિકલ્પ ઊઠે છે, નિર્વિકલ્પતા થતી નથી. શુદ્ધ નિશ્ચયનયથી એકરૂપ અભેદ સામાન્ય ધ્રુવ દ્રવ્યને લક્ષમાં લેતાં વિકલ્પ તૂટીને નિર્વિકલ્પતા થાય છે. તેથી આત્મા ગુણોના ભેદને સ્પર્શતો નથી એમ કહ્યું છે; અને ૧૯મા બોલમાં આત્મા પર્યાયના ભેદને સ્પર્શતો નથી એટલે જેમ ગુણો ધ્રુવમાં છે છતાં તેના ભેદને સ્પર્શતો નથી તેમ ધ્રુવમાં પર્યાયો છે અને સ્પર્શતો નથી એમ કહેવું નથી પણ ધ્રુવસામાન્યથી પર્યાય ભિન્ન જ છે. એવા પર્યાયના ભેદને આત્મા સ્પર્શતો નથી એમ કહીને નિશ્ચયનયના વિષયમાં એકલું સામાન્ય દ્રવ્ય જ આવે છે એમ બતાવ્યું છે. ૪૮૧.

● શ્રોતા :–ધ્રુવ આત્મા જ ઉપાદેય હોવાથી તેનું જ મનન અને મંથન કરીએ છીએ. છતાં અનુભવ થતો નથી તો પુરુષાર્થની ખામી ગણવી કે નિર્ણયની ખામી સમજવી?

પૂજ્ય ગુરુદેવ :–પુરુષાર્થની ખામી કહો કે નિર્ણયની ખામી કહો એ એક જ છે, માટે નિર્ણય બરાબર કરવો જોઈએ. વિકલ્પાત્મક નિર્ણય બરાબર કરવો જોઈએ. એ પણ ખરેખર કારણ નથી, વ્યવહારથી કારણ છે. ખરેખર તો અનુભવ થતાં જ સાચો નિર્ણય થાય છે, એ પહેલાં વ્યવહાર પણ ખરેખર ન હોય. પરંતુ અનુભવ પહેલાં શું હોય છે એની અપેક્ષાએ વાત છે. ૪૮૨.

આત્મધર્મ
મે-૨૦૦૯
અંક-૯ ✱ વર્ષ-૩

**Registered Regn. No. BVR-367/2009-2011**
**Renewed upto 31-12-2011**
**RNI Registration No. GUJGUJ/2006/18667**
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## દરેક વસ્તુમાં પોતાની ક્રમબદ્ધપર્યાયની યોગ્યતાથી જ કાર્ય થાય છે

કોઈપણ કાર્ય થવામાં વાસ્તવિકપણે તેની પોતાની યોગ્યતાથી જ સાક્ષાત્ સાધક છે એટલે કે દરેક વસ્તુની પોતાની યોગ્યતાથી જ કાર્ય થાય છે, ત્યાં બીજી ચીજ ધર્માસ્તિકાયવત્ નિમિત્તમાત્ર છે. જેમ પોતાની યોગ્યતાથી સ્વયં ગતિ કરનારા પદાર્થોને ધર્માસ્તિકાય તો પડ્યું પાથર્યું નિમિત્ત છે, તે કાંઈ કોઈને ગતિ કરાવતું નથી; તેમ દરેક વસ્તુમાં પોતાની ક્રમબદ્ધપર્યાયની યોગ્યતાથી જ કાર્ય થાય છે, તેમાં જગતની બીજી ચીજ તો ફક્ત ધર્માસ્તિકાયવત્ છે. જુઓ, આ જૈનદર્શનનો ઈષ્ટ-ઉપદેશ. આવો સ્વાધીનતાનો ઉપદેશ તે જ ઈષ્ટ છે, હિતકારી છે, યથાર્થ છે. સર્વજ્ઞ ભગવાનનો ઉપદેશ કહો....તે આ છે કે જીવ ને અજીવ દરેક વસ્તુમાં પોતપોતાની ક્રમબદ્ધ યોગ્યતાથી જ કાર્ય થાય છે, પરથી તેમાં કાંઈ પણ થતું નથી. વસ્તુ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે પોતાની યોગ્યતાથી જ સ્વયં પરિણમી જાય છે, બીજી ચીજ તો ધર્માસ્તિકાયવત્ નિમિત્તમાત્ર

—પુરુષાર્થપ્રેર ... ગુરુદેવશ્રી

**Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor Hiralal Bhikhalal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org